# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-02-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# JAGLESHWAR DEMOLITION UPDATE

રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં મહાનગરપાલિકા દ્વારા ગેરકાયદે એક હજાર 489 જેટલા દબાણ દૂર કરાયા છે. આ સાથે જ બે દિવસમાં અંદાજે 350 કરોડ રૂપિયાની કિંમતની 88 હજાર 750 ચોરસ મીટરની જમીન ખૂલ્લી કરાવવામાં આવી છે. આ કામગીરીમાં મહાનગરપાલિકાના એક હજાર 512 અધિકારી અને કર્મચારીઓ, જોડાયા હતા. હવે આ સ્થળ પર રહેલો કાટમાળ દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

. . . . . . . . . . . . . .

# VOCAL FOR LOCAL

રાજ્યની તમામ 152 નગરપાલિકામાં આગામી 15 માર્ચ સુધીમાં સ્વદેશી મેળો યોજાશે. આ માટે સ્વસહાય જૂથને એક હજાર 500 અને શેરી ફેરીયાઓને એક હજાર 400થી વધુ સ્ટૉલ ફાળવવામાં આવ્યા છે. ગુજરાત શહેરી આજીવિકા મિશન અંતર્ગત અત્યાર સુધીમાં 38 નગરપાલિકામાં સ્વદેશી મેળાનો પ્રારંભ થયો છે. જેની એક લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી. તેમજ મેળામાં 83 લાખ રૂપિયાથી વધુનું વેચાણ પણ થયું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ગત દશેરાથી દિવાળી સુધી રાજ્યના 16 શહેરમાં પ્લાસ્ટિકમુક્ત સ્વદેશી મહોત્સવ યોજાયો હતો. ત્યારે 40 લાખ 50 હજારથી વધુ લોકોએ આ મેળાની મુલાકાત લીધી હતી.

. . . . . . . . . . . . .

# SEMI CONDUCTOR CONF

ગુજરાતની યજમાની હેઠળ આગામી પહેલી માર્ચે ગાંધીનગરમાં ત્રીજી સેમિ-કનેક્ટ પરિષદ યોજાશે. મહાત્મા મંદિર ખાતે યોજાનારી આ પરિષદમાં વૈશ્વિક મુખ્ય કાર્યકારી અધિકારીઓ – CEO અને નીતિ નિર્માતાઓ ભાગ લેશે. ઉપરાંત માઇક્રોન, તાતા ઇલેક્ટ્રોનિક્સ, સીજી સેમિ, કૅઇન્સ અને તેમના વૈશ્વિક ભાગીદારો રાજ્યના સેમિ-કન્ડક્ટર ક્ષેત્રના વિકાસમાં જોડાશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# AHMEDABAD BOARD EXAM

રાજ્યભરમાં આવતીકાલથી ધોરણ 10 અને 12 બૉર્ડની પરીક્ષા શરૂ થશે. અમદાવાદમાં પણ 300થી વધુ કેન્દ્ર પર બૉર્ડની પરીક્ષા યોજાશે. આ તમામ કેન્દ્ર પર તંત્ર દ્વારા સીસીટીવી કેમેરા સહિતની વ્યવસ્થા કરવામાં આવી હોવાનું અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું.

(BYTE: ROHIT CHAUDHARI, DEO, AMDAVAD)

. . . . . . . . . . . . . .

# MRB PGVCL MEGA DRIVE

મોરબીના હળવદમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ – PGVCL દ્વારા વીજ જોડાણ કાપવાની ઝૂંબેશ હાથ ધરાઈ છે. અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે, PGVCLની ટુકડી ઘરેઘરે જઈ વીજ બિલ ન ભરનારા ગ્રાહકોના વીજ જોડાણ કાપી રહી છે.

. . . . . . . . . . . . . .

# MAHESANA MUNICIPAL ELECTION

રાજ્ય ચૂંટણી પંચે મહેસાણા મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણી માટે આખરી વૉર્ડ સીમાંકન અને બેઠકની ફાળવણી જાહેર કરી છે. વર્ષ 2011ની વસતિ ગણતરી મુજબ, મહાનગરપાલિકા વિસ્તારમાં શહેરને 13 વૉર્ડ અને 52 બેઠકમાં વિભાજિત કરાયું છે.

. . . . . . . . . . . . . .

# WEATHER FORECAST

સૌરાષ્ટ્ર સહિત રાજ્યના કેટલાક જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર આગામી 24 કલાકમાં હળવા વરસાદની આગાહી છે. જોકે, આ કમોસમી વરસાદની સ્થિતિ લાંબો સમય સુધી નહીં રહે. હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, આવતીકાલથી આગામી ત્રણ માર્ચ સુધી રાજ્યભરમાં વાતાવરણ સુકું રહેવાની શક્યતા છે. આ સાથે જ આગામી સાત દિવસ ગરમીનું પ્રમાણ યથાવત્ રહી શકે છે. તેમજ માર્ચ મહિનાની શરૂઆત સાથે જ ઉનાળાની ખરી ગરમીના અનુભવની સંપૂર્ણ શક્યતા છે.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

. . . . . . . . . . . . .

# SOMNATH SWIMMING SPARDHA

ગીરસોમનાથના ચોરવાડ દરિયાકાંઠા ખાતેથી વેરાવળના અરબી સમુદ્રમાં ભાઈઓની 35-મી વીર સાવરકર તરણ સ્પર્ધાનો આજથી પ્રારંભ થયો. તેમાં ગુજરાત સહિત કર્ણાટક, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ જેવા રાજ્યના 18 ભાઈઓ અને સાત બહેનો એમ કુલ 25 સ્પર્ધકોએ ભાગ લીધો છે.

. . . . . . . . . . . . .